અપીલ અરજી નં.૧૪૯ તા.૨૯–૭–૧૦/૧૧

અરજદારઃ– શ્રી પ્રશાંત શિવાભાઈ ભાલાળા

સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રશાંત શિવાભાઈ ભાલાળાની તા.૨–૭–૧૦ની અરજીથી ટી.પી. સ્કીમ નં.૪ ફાઈનલ પ્લોટ નં.૪૫, મોજે કતારગામ રે.સ. નં.૩૫૯/૨ પૈકીમાં બાંધકામ કરવાની મંજુરી તા.૩૦–૪–૧૯૭૦ ની લે–આઉટ પ્લાનની મંજુરી અને તા.૩–૧૧–૧૯૭૨ ની બાંધકામ પ્લાનની મંજુરી તેના બંને પ્લાનની નકલ તથા રજાચિઠ્ઠીની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૯–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૪૯/૨૦૧૦–૧૧

શ્રી પ્રશાંત શિવાભાઈ ભાલાળાની તા.૨–૭–૧૦ની અરજીથી ટી.પી. સ્કીમ નં.૪ ફાઈનલ પ્લોટ નં.૪૫, મોજે કતારગામ રે.સ. નં.૩૫૯/૨ પૈકીમાં બાંધકામ કરવાની મંજુરી તા.૩૦–૪–૧૯૭૦ ની લે–આઉટ પ્લાનની મંજુરી અને તા.૩–૧૧–૧૯૭૨ ની બાંધકામ પ્લાનની મંજુરી તેના બંને પ્લાનની નકલ તથા રજાચિઠ્ઠીની માહિતી આપવા બાબત ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈ.ઝેડ/ આરટીઆઈ/ ૨૨૯ તા.૧૩–૭–૧૦થી આપેલ માહિતી ખોટી ,અપૂર્ણ અને ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં બાંધકામ રજીસ્ટરે આ મિલ્કતની વિગતો હોય તો તેની માહિતી પણ જણાવવા તેમજ અરજદારના અપીલમાંના શ્રી "અજયગાંધીને માહિતી પૂરી પાડેલ " તેવી રજૂઆત અંગે કોઈ તથ્ય છે કે કેમ? તે પણ દફતરી વિગત તપાસી જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૬૪ તા.૨–૮–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન) તથા અરજદારનેઅપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીશ્રીના તાબા નીચેના ખાતાએ માહિતી આપવાનો જમીન માલિકો પૈકીના શ્રી અજય વિજયલાલ ગાંધીને ઈન્કાર કર્યો હતો અને ત્યારબાદ તે હુકમ વિરૂધ્ધ અપીલમાં તેવી માહિતી પૂરી પાડવામાં આવી હતી. તેના દાવા અંગે આધાર હોય તો તેની વિગતો મોકલવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૨૨૯ તા.૧૨–૮–૧૦ ના રોજ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૨૨૯ તા.૧૩–૭–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. પરંતુ પૂરક વિગતોમાં સદર મિલ્કત બાબતે અરજદારના જણાવ્યા મુજબ અજયગાંધીને માહિતી પૂરી પાડેલ છે તેવી રજૂઆત અંગે કોઈ તથ્ય છે કે કેમ? તે અંગે દફતરી કોઈ વિગતો જણાવવામાં આવેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૭–૮–૧૦ ના પત્રથી પૂરક વિગતોમાં અજય ધીરજ ગાંધીની જગ્યાએ વિજય મોહનલાલ ગાંધીને આપ્યાનું જણાવેલ છે. જે અંગે તેમની તા.૭–૧૨–૦૭ ની અરજીની રસીદની નકલ તે સંદર્ભે અત્રેના સુનાવણી પત્રની નકલ અને અરજદારને આપેલ માહિતી અંગે ભરેલ ફી ના રૂા.૬૦૦/– તા.૨૮–૨–૦૮ ની રસીદની નકલ આધાર તરીકે રજૂ કરેલ છે.

અરજદારની આઈ ડી નં.૨૨ તા.૨–૭–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ જણાવેલ વિગતે માહિતી માંગતી અરજી અરજદારે વરાછાઝોન જાહેર માહિતી અધિકારીને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૨૨૯ તા.૧૩–૭–૧૦ ના રોજ " અત્રે વરાછાઝોન ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં માંગ્યા મુજબની માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી " તેવું જણાવેલ. જેના સંદર્ભે અરજદારે તા.૨૯–૭–૧૦ ના રોજ મળેલા પ્રતિભાવથી વ્યથિત થઈ અપીલ અરજી કરેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ પૂરતા કારણો વગર ઈન્કાર કર્યો છે અને તેમને આપેલી માહિતી જાણી જોઈને ખોટી અને અપૂર્ણ અને ગેરમાર્ગે દોરનારી છે તથા માહિતીનો જાણી જોઈને નાશ કર્યો છે વધુમાં તેઓએ જમીન માલિક અજય ધીરજલાલ ગાંધીનો ઈન્કાર કરેલ અને અપીલમાં હુકમ બાદ તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ તેવી પાકી માહિતી હોવાનું પણ જણાવેલ છે. જે બાબતે અપીલ તબકકે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૫૬૪ તા.૨–૮–૧૦ થી અગાઉના અરજદારને આપવામાં આવેલી માહિતી બાબતે બંને પક્ષકારો પાસેથી સ્પષ્ટતા અને પૂર્તતા માંગવામાં આવેલ. જે બાબતે અરજદાર પક્ષકાર તરફથી પૂરક વિગતોમાં અપીલ તબકકે અજય ધીરજલાલ ગાંધીની જગ્યાએ વિજય મોહનલાલ ગાંધીની અરજી બાબતે રજૂઆત કરી તેમની તા.૭–૧૨–૦૭ ની માહિતી માંગતી અરજીની નકલ, જેમાં સદર વિગત પણ જણાવેલ છે. તેમજ અપીલની સુનાવણી અંગે અત્રેથી પાઠવેલ પત્રની આરટીઆઈ સેલ/૭૮૬ તા.૮–૨–૦૮ ના પત્રની નકલ તથા અરજદારને માહિતી પેટે રૂા.૬૦૦/– તા.૨૮–૨–૦૮ થી ભરેલ રસીદની નકલ આધાર તરીકે રજૂ કરેલ છે. જેમાં અરજદારે તા.૩૦–૪–૭૦ ના લે આઉટ પ્લાનની મંજુરી તા.૩–૧૧–૭૨ ના બાંધકામ પ્લાનની મંજુર તેના બંને પ્લાનોની નકલ આપવામાં આવ્યાની રજૂઆત કરેલ છે. આમ અરજદારે આધાર સહિત માહિતી હોવાની રજૂઆત કરેલ છે. આથી સદર માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીએ દફતરની ચકાસણી બાદ ઉપલબ્ધ દફતરની માહિતી અથવા તે અંગેના રેકર્ડની નિકાલ કે નાશ કર્યા અંગેની કાયદેસરની કાર્યવાહી કરી કોઈ વિગતો પૂરી પાડેલ જણાતી નથી.

અરજદારની અપીલ તબકકે રજૂ કરેલ પૂરક વિગતો ધ્યાને લેતાં વિજય મોહનલાલ ગાંધીની તા.૭–૧૨–૦૭ ની અરજી સંબધે અત્રેથી કરેલ હુકમ નં.આરટીઆઈ સેલ/૮૦૦ તા.૧૪–૨–૦૮ ની નકલ પર અરજદારે સરખા નંબરવાળી મિલ્કતે લે આઉટ પ્લાન અને રજાચિઠ્ઠી અરજદારને પુરા પાડયા અંગે હુકમની નકલ પર અમલવારી સબબ અરજદારે કરેલ શેરાની નકલ અત્રે રજૂ કરેલ તે ધ્યાને લેતાં પ્રસ્તુત અપીલમાંના અરજદારના દાવાને સમર્થન મળતું જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨–૭–૧૦ ની અરજીથી માંગેલ માહિતી અંગે શ્રી વિજય મોહનલાલ ગાંધીને આરટીઆઈ નં.૮૦૦ તા.૧૪–૨–૦૮ થી કરેલ હુકમની અમલવારી મુજબ પ્રસ્તુત કિસ્સામાં પણ મજકુર અરજદારને દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધકારી , (વરાછાઝોન) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી પ્રશાંત શિવાભાઈ ભાલાળા